પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૧૧ ૧ જુલાઈ, ૨૦૨૨, શુક્રવાર; અષાઢ સુદ - ૨ પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# એકનાથ શિંદે મહારાષ્ટ્રના નવા મુખ્યમંત્રી

## દેવેન્દ્ર ફડણવીસે પણ નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા

મુંબઈ, તા.૩૦

મહારાષ્ટ્રના મહા પોલિટિકલ ડ્રામામાં આજે સૌથી મોટો નાટ્યાત્મક વળાંક આવ્યો હતો. જેમાં ભાજપ નેતા દેવેન્દ્ર ફડણવીસે જાહેરાત કરી કે, તેઓ મહારાષ્ટ્રના આગામી મુખ્યમંત્રી નહીં બને, પણ ઉદ્ધવ ઠાકરેને ઘરભેગાં કરવામાં સૌથી મોટી ભૂમિકા ભજવનારા એકનાથ શિંદે મહારાષ્ટ્રના નવા મુખ્યમંત્રી બનશે. પણ પોતે કોઈપણ મંત્રીપદમાં સામેલ નહીં થાય તેમ પણ દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું. જો કે, થોડા સમય બાદ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાએ દેવેન્દ્ર ફડણવીસને સરકારમાં સામેલ થવા અને ડેપ્યુટી સીએમ બનવા માટે વિનંતી કરી હતી. જે બાદ ફડણવીસ પણ નાયબ મુખ્યમંત્રી બનવા માટે માની ગયા હતા. જે બાદ ગુરુવારની સાંજે ૭.૩૦ વાગ્યાની આસપાસ મહારાષ્ટ્રના નવા મુખ્યમંત્રી એકનાથ શિંદેનો શપથ ગ્રહણ સમારોહ યોજાયો હતો. બાલાસાહેબ ઠાકરેના નામ સાથે એકનાથ શિંદે મુખ્યમંત્રી પદના શપથ લીધા હતા. આ ઉપરાંત દેવેન્દ્ર ફડણવીસે પણ નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા.

આ અગાઉ શિવસેનાના બળવાખોર જૂથના નેતા એકનાથ શિંદે ૧૦ દિવસ બાદ મુંબઈ પરત પહોંચ્યા હતા. એરપોર્ટ પરથી સીધા તે દેવેન્દ્ર ફડણવીસના ઘરે પહોંચ્યા હતા. ભાજપ નેતા દેવેન્દ્ર ફડણવીસે રાજયપાલ સાથેની મુલાકાત પહેલાં એકનાથ શિંદે મુખ્યમંત્રી બનશે તેવી જાહેરાત કરી હતી. આ અગાઉ ફડણવીસના ઘરે એકનાથ શિંદે પહોંચ્યા હતા અને બંને નેતાઓ વચ્ચે લગભગ અડધો કલાક સુધી મુલાકાત ચાલી હતી. અને ત્યારબાદ બંને નેતાઓ રાજયપાલ ભગતસિંહ કોશ્યારીને મળવા રાજભવન પહોંચ્યા હતા અને રાજયપાલને શિંદેએ ૪૯ ધારાસભ્યોના સમર્થનનો પત્ર તેઓને સોંપ્યો હતો.




પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એકનાથ શિંદેને મુખ્યમંત્રી બનવા પર શુભેચ્છા પાઠવી છે સાથે જ તેમણે ડેપ્યુટી સીએમ બનનનાર દેવેન્દ્ર ફડણવીસને પણ શુભેચ્છાઓ પાઠવી છે. પીએમ

અનુસંધાન પાના નં.૭ પર

**પાવન સ્મરણ**



**સ્વ. શ્રી જગદીશભાઈ ગુલાબભાઈ વાણિયા (ગીતકાર)**

જન્મ તા.૨૬/૦૪/૧૯૬૨ ● સ્વ. તા.૦૧/૦૬/૨૦૨૨

જીવનમાં હરપલ હસતા રહ્યા, સ્નેહથી સૌના હૈયે વસતા રહ્યા,
આશા અને અરમાનોની શ્રેષ્ઠ ક્ષણોમાં જીવન જીવ્યા ટૂંકું પણ ઉત્તમ જીવી ગયા,
સર્વત્ર સુવાસ ફેલાવી, સંભારણા સૌના દિલમાં રાખી ગયા,
આપના ઉત્તમ જીવન મૂલ્યો, સેવા-સમર્પણયુક્ત માયાળુ સ્વભાવ અને
ઉદાર દિલ સદાય અમારા હૃદયમાં જીવંત રહેશે.

આજે
આપની પ્રથમ માસિક પુણ્યતિથિએ
હાર્દિક શ્રધ્ધાંજલિ સાથે અમારા વંદન અને સત સત નમન...

લિ.
ગં.સ્વ.શાંતાબેન જગદીશભાઈ વાણિયા (પત્ની) પ્રિયંકા જગદીશભાઈ શાહ (પુત્રી)
નિકુંજ જગદીશભાઈ શાહ (પુત્ર) ક્રિષ્ના જગદીશભાઈ શાહ (પુત્રી)

સમસ્ત વાણિયા પરિવારના જય જોધલપીર
ગાંધીનગર (મો.નં. ૬૩૫૩૩ ૬૭૨૩૭, ૮૨૦૦૦ ૦૯૮૨૦)

## મણિપુરમાં ભૂસ્ખલનથી આર્મી કેમ્પ થયો તબાહ : ૬ મૃતદેહ મળ્યા

### ૫૫ આર્મી જવાનો માટીમાં દટાયા

નવી દિલ્હી, તા.૩૦

દેશના મણિપુર રાજયમાં બુધવારે રાત્રે અવિરત વરસાદને કારણે ભૂસ્ખલનથી સામાન્ય લોકોની સાથે પ્રાદેશિક સૈન્યના ૫૦થી વધુ જવાનો ઘાયલ થયા હતા. આ ઘટના ટુપુલ રેલવે સ્ટેશન પાસે બની હતી અત્યાર સુધીમાં ૬ લોકોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે જયારે ઘણા લોકો કાટમાળ નીચે દટાયેલા છે. મોટા પ્રમાણમાં કાટમાળ પડવાને કારણે Ijei નદીને અવરોધિત કરવામાં આવી છે જે એક જળાશય બનાવે છે જે નીચાણવાળા વિસ્તારોને ડૂબાડી શકે છે. માહિતી અનુસાર જીરીબામને ઈમ્ફાલ સાથે જોડવા માટે એક રેલવે લાઈન બનાવવામાં આવી રહી હતી જેની સુરક્ષા માટે ૧૦૭ ટેરિટોરિયલ આર્મીના જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે. બુધવારે રાત્રે ભૂસ્ખલન થયું હતું જેમાં અનેક યુવાનો દટાયા હતા. ગરુવારે સવારે આર્મી, આસામ રાઈફલ્સ, મણિપુર પોલીસ દ્વારા મોટા પાયે બચાવ અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું.






